# Royal Higher Secondary School - Dhoraji

**Std :- 12th** **Sub : Account** **Date : 18-10-2024**

**Time :- 3:00 hours** **First Exam** **Marks :- 100**

## Section - A

▸ **યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો.** (20)

01. નફા-નુકસાન ફાળવણી ખાતાની ઉધાર બાકી એટલે ............... .
   A. વહેંચણીપાત્ર નફો B. કાચી ખોટ C. વહેંચણીપાત્ર ખોટ D. કાચો નફો

02. જો સ્થિર મૂડી ખાતાંની પદ્ધતિ હોય, તો ઉપાડ ખાતું બંધ કરી વર્ષના અંતે કયા ખાતે લઈ જવામાં આવે છે?
   A. નફા-નુકસાન ફાળવણી ખાતે B. નફા-નુકસાન ખાતે C. ચાલુ ખાતે D. મૂડી ખાતે

03. અધિક નફો એટલે ..............
   A. અપેક્ષિત નફો - સરેરાશ નફો B. અપેક્ષિત નફો - રોકાયેલી મૂડી
   C. રોકાયેલી મૂડી - અપેક્ષિત નફો D. સરેરાશ નફો - અપેક્ષિત નફો

04. જ્યાં વ્યક્તિગત કૌશલ્ય મહત્ત્વનું હોય ત્યાં પાઘડી .............. હોય છે.
   A. વધુ B. ઓછી C. શૂન્ય D. ઋણ

05. ભાગીદારી પેઢીના પુનર્ગઠન વખતે રોકાણો ............... પુનઃમૂલ્યાંકન બાદના પાકા સરવૈયામાં દર્શાવવામાં આવે છે.
   A. ચોપડે કિંમતે – બજારકિંમતે B. પડતરકિંમતે
   C. બજારકિંમતે D. દાર્શનિક કિંમતે

06. પુનઃમૂલ્યાંકન ખાતાંને ................. તરીકે પણ ઓળખવામાં આવે છે.
   A. નફા-નુકસાન ખાતાં B. નફા-નુકસાન હવાલા ખાતાં
   C. નફા-નુકસાન ફાળવણી ખાતાં D. મૂડી અનામત ખાતાં

07. હિસાબી ધોરણ 26 મુજબ ............... પાઘડી ચોપડે દર્શાવી શકાય નહીં.
   A. પાઘડી માટે ખરેખર અવેજ આપેલ હોય તેવી B. સ્વ-મૂલ્યાંકન દ્વારા આંકવામાં આવેલ
   C. (a) અને (b) માંથી એક પણ નહિ D. (a) અને (b) બંને

08. કામદાર નફા ભાગ ભંડોળ ભાગીદારની નિવૃત વખતે ...........નોંધાય છે.
   A. નવા પાકા સરવૈયામાં જવાબદારી તરીકે
   B. બધા જ ભાગીદારો ખાતે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં જમા
   C. બધા જ ભાગીદારો ખાતે જૂના નફા-નુકસાનના પ્રમાણમા ઉધાર
   D. નિવૃત થતા ભાગીદાર ખાતે જમા

09. ગીતા, નેહા અને શ્વેતા સરખે હિસ્સે નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. ગીતા નિવૃત થાય છે. ગીતાનો ભાગ નેહા અને શ્વેતા સરખે હિસ્સે મેળવે છે, તો નેહા અને શ્વેતા ના નફા—નુકસાન વહેંચણીનું નવું પ્રમાણ શોધો?
   A. 3:1 B. 2:1 C. 1:1 D. 1:2

10. ભાગીદારી પેઢીના વિસર્જન સમયે મિલકતોની ઊપજમાંથી સૌપ્રથમ કઈ ચુકવણી કરવામાં આવે છે?
   A. ભાગીદારની લોન B. ત્રાહિત પક્ષનાં દેવાં C. ભાગીદારની પત્નીની લોન D. વિસર્જન ખર્ચ

11. ભાગીદારી પેઢીનું વિસર્જન કેટલી રીતે થઈ શકે?
   A. ચાર B. બે C. ત્રણ D. એક

12. જો જાહેર ભરણાંમાં અરજી વખતે બહાર પાડેલ શૅર કરતાં .............. ઓછા શેરની અરજીઓ આવે, તો શૅરનું ભરણું રદ કરવામાં આવે છે.
   A. 100 %થી B. 90 %થી C. 75 %થી D. 50 %થી

13. કંપનીને શૅરનાં જાહેર ભરણાં માટે કોની સંમતિ લેવી પડે છે?
   A. રિઝર્વ બૅન્ક B. રાજ્ય સરકાર C. સેબી D. કેન્દ્ર સરકાર

14. હાલના કંપનીધારાના નિયમ પ્રમાણે કંપની શૅરદીઠ ઓછામાં ઓછી કેટલી કિંમતે તેના શેર બહાર પાડી શકે?
   A. ₹ 0.50 B. ₹ 1,000 C. ₹ 100 D. ₹ 1

15. ડિબેન્ચર કેટલા ટકા વટાવથી બહાર પાડી શકાય છે?
   A. 20 ટકા
   B. 5 ટકા
   C. 10 ટકા
   D. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા નક્કી કરેલ દરે

16. ડિબેન્ચર હોલ્ડર્સને કંપની તેમના ડિબેન્ચર પર .............. આપે છે.
   A. ડિવિડન્ડ
   B. વ્યાજ
   C. નફામાં ભાગ
   D. વ્યાજ અને ડિવિડન્ડ બંને

17. ડિબેન્ચર એ કંપની માટે .............. છે.
   A. મિલકત
   B. દેવું
   C. લેણું
   D. મૂડી

18. પાઘડીનો આધાર કોના પર રહેલો છે?
   A. ધંધાકીય એકમની મિલકતો પર
   B. ધંધાકીય એકમના સંચાલકો પર
   C. ધંધાકીય એકમના કર્મચારીઓ પર
   D. ધંધાકીય એકમના ભવિષ્યમાં જળવાઈ રહે તેવા નફા પર

19. પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો કે નુકસાન કયાં પ્રમાણમાં ભાગીદારો વચ્ચે વહેંચવામાં આવે છે?
   A. લાભના પ્રમાણમાં
   B. ત્યાગના પ્રમાણમાં
   C. નવા નફા-નુકસાનના પ્રમાણમાં
   D. જૂના નફા-નુકસાનના પ્રમાણમાં

20. નવો ભાગીદાર તેના ભાગની પાઘડીની રકમ રોકડમાં લાવે ત્યારે .............. ખાતે જમા કરવામાં આવે છે.
   A. તેનાં મૂડી
   B. પાઘડી
   C. પાઘડીના પ્રીમિયમ
   D. રોકડ

## Section - B

▸ **નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો. (દરેક નો 1 ગુણ)** (10)

21. ભાગીદારી કરારનામું એ પેઢીનું શું ગણાય?
22. અધિક નફો એટલે શું?
23. એકત્રિત નફાની વહેંચણી કઈ રીતે થાય?
24. નવા ભાગીદારને કયા હેતુસર પેઢીમાં દાખલ કરવામાં આવે છે?
25. મરજિયાત વિસર્જન એટલે શું?
26. ભાગીદારી પેઢીનું વિસર્જન એટલે શું?
27. શૅરનું વધારે ભરણું કે ઓછું ભરણું કોને કહેવાય?
28. શૅર જપ્તી એટલે શું?
29. 'જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતું' પાકા સરવૈયામાં ક્યાં દર્શાવવામાં આવે છે?
30. ડિબેન્ચર એટલે શું?

## Section - C

▸ **નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (દરેક ના 3 ગુણ)** **(કોઈ પણ ચાર)** (12)

31. મિલીન, હેમંત અને રસિકની ભાગીદારી પેઢીનો ₹ 1,89,000 નફો 1 : 2 : 4ના પ્રમાણમાં વહેંચવાને બદલે ભૂલથી સરખા પ્રમાણમાં વહેંચ્યો છે. આ ભૂલ સુધારવા મૂડી ખાતે કઈ અસર આપવી પડે?
32. ધ્યેય, સિદ્ધિ અને પ્રાપ્તિ એક ભાગીદારી પેઢીના 1:1:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. બધા જ ભાગીદારોએ મળીને નફા-નુકસાનની વહેંચણીનું નવું પ્રમાણ 1:3:3નું નક્કી કર્યું છે. આ માહિતી પરથી લાભનું પ્રમાણ શોધો.
33. નીચેના વ્યવહારની પેઢીના વિસર્જનના સંજોગોમાં થતી આમનોંધ લખો :
   i) ભાગીદારી પેઢીના વિસર્જન સમયે ચોપડે નીચેની મિલકતો છે :
   મકાન રૂ. 2,00,000
   ફર્નિચર રૂ. 40,000
   પાઘડી રૂ. 20,000
   યંત્રો રૂ. 30,000
   મકાનના રૂ. 2,20,000; ફર્નિચરના રૂ.50,000 અને યંત્રોની ચોપડે કિંમત ઊપજે છે. પાઘડીની કોઈ કિંમત ઊપજતી નથી. આમનોંધ લખો.
   ii) એક પેઢીના ચોપડે પાઘડી દર્શાવેલ નથી, પરંતુ વિસર્જન સમયે તેના વેચાણના રૂ.35,000 ઊપજયા.

34. ભાગીદારી પેઢીના વિસર્જનની સામાન્ય પ્રક્રિયા જણાવો.

35. સુન્દરમ્ લિમિટેડે તા. 1 – 7 – '17ના રોજ ₹ 300નો એક એવા 8 ટકાના 14,000 ડિબેન્ચર 5 ટકાના પ્રીમિયમથી બહાર પાડયા. જે તા. 30 – 6 – '23ના રોજ ડિબેન્ચરદીઠ ₹ 330ની કિંમતે પરત કર્યા.
કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો (બા. જે વગર).

36. શેર અને ડિબેન્ચર વચ્ચેનો તફાવત આપો.

## Section - D

▸ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો. (દરેક ના 4 ગુણ)** (કોઈ પણ ત્રણ) (12)

37. નીચેની માહિતી પરથી મનોજ અને હરીશની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત ભારિત સરેરાશ નફાને મૂડીકૃત કરવાની પદ્ધતિ અનુસાર નક્કી કરો.

| વર્ષ | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 |
|---|---|---|---|---|---|
| નફો (₹) | 90,000 | 1,00,000 | 1,10,000 | 1,30,000 | 1,50,000 |

વધારાની માહિતી : (1) ધંધાની મિલકતો ₹ 13,40,000 (2) ધંધાના દેવા ₹ 3,40,000 (3) ધંધાનો સામાન્ય અપેક્ષિત વળતરનો દર 10 % છે.

38. નીચેની માહિતી પરથી બાબુલાલ અને કાંતિલાલની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત છેલ્લાં પાંચ વર્ષના ભારીત સરેરાશની ત્રણ વર્ષની ખરીદીને આધારે નક્કી કરો.

| વર્ષ | 2012 -' 13 | 2013 -' 14 | 2014 -' 15 | 2015 -' 16 | 2016 -' 17 |
|---|---|---|---|---|---|
| નફો(₹) | 40,000 | 60,000 | 75,000 | 90,000 | 1,20,000 |

39. મીના અને મંજૂની પેઢીની મૂડી ₹ 4,00,000 છે.અને અપેક્ષિત વળતરનો દર 10 % છે. છેલ્લાં ત્રણ વર્ષનો વાર્ષિક નફો અનુક્રમે ₹ 1,20,000, ₹ 1,10,000 અને ₹ 1,00,000 છે. ભારિત સરેરાશ પદ્ધતિના આધારે અધિક નફાની બે ગણી પાઘડી ગણો.

40. પુષ્પા, પ્રતિભા અને ભાવના એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેઓ પોતાનો નફો-નુકસાન 3 : 2 : 1ના પ્રમાણમાં વહેચતા હતા, તે બદલીને 1 : 1 : 1 કરવાનું નક્કી કર્યું. તેથી પાઘડીનું મૂલ્યાંકન કરવાનું નક્કી કર્યું. ભાગીદારી પેઢીના નફા અંગે તથા અન્ય માહિતીના ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત અધિક નફાની ત્રણ વર્ષની ખરીદીને આધારે નક્કી કરો. , મિલકતો : ₹ 6,00,000; દેવાં : ₹ 2,50,000; અપેક્ષિત વળતરનો દર : 10 %

| વર્ષ | 2014 -' 15 | 2015 -' 16 | 2016 -' 17 |
|---|---|---|---|
| નફો(₹) | 80,000 | 70,000 | 90,000 |

41. નીચેની માહિતી પરથી નિલેશ અને નિકુંજની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત પેઢીનાં છેલ્લાં 5 વર્ષના સરેરાશ નફાની 3 વર્ષની ખરીદીના આધારે ગણવાની છે. છેલ્લાં 5 વર્ષના નફાની માહિતી નીચે મુજબ છે :

| વર્ષ | 2011-12 | 2012-13 | 2013-14 | 2014-15 | 2015-16 |
|---|---|---|---|---|---|
| નફો (₹) | 2,00,000 | 2,10,000 | 1,90,000 | 2,15,000 | 2,20,000 |

## Section - E

▸ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો. (દરેક ના 8 ગુણ)** (કોઈ પણ ત્રણ) (24)

42. કાન્હા અને કવિશા 2 : 3ના પ્રમાણમાં નફો - નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31 - 3 - 2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | મકાન | 1,10,000 |
| કાન્હા | 80,000 | | યંત્રો | 50,000 |
| કવિશા | 1,00,000 | 1,80,000 | સ્ટૉક | 30,000 |
| આકસ્મિક અનામત | | 15,000 | દેવાદારો | 66,000 |
| કામદાર વળતર ફંડ | | 40,000 | બૅન્ક/રોકડ | 14,000 |
| રોકાણ અનામત | | 12,000 | રોકાણો | 30,000 |
| લેણદારો | | 50,000 | | |
| ઘાલખાધ અનામત | | 3000 | | |
| | | 3,00,000 | | 3,00,000 |

તા. 1 - 4 - 2016ના રોજ તેઓએ પાલખીને નવા ભાગીદાર તરીકે નીચેની શરતોએ દાખલ કરી :

(1) કાન્હા પોતાના ભાગનો $\frac{1}{2}$ ભાગ અને કવિશા પોતાના ભાગનો $\frac{1}{4}$ ભાગ પાલખીની તરફેણમાં ત્યાગ કરશે.
(2) પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 80,000 કરવામાં આવ્યું.
(3) કાન્હા અને કવિશા તેમને મળેલ પાઘડી પૈકી 50 % પાઘડી ઉપાડી જશે.
(4) યંત્રો પર 10 % ઘસારો માંડી વાળવો.
(5) દેવાદારોમાંથી ₹ 6000 ઘાલખાધ તરીકે માંડી વાળવા અને 15 % ઘાલખાધ અનામતની જોગવાઈ કરવી.
(6) રોકાણોની બજારકિંમત ₹ 15,000 છે, જે ચોપડે લાવવી.
(7) કારીગર વળતર પેટે ₹ 50,000નો દાવો મંજૂર રાખવો.
(8) લેણદારોમાંથી 10 % લેણદારો ચૂકવવા પડશે નહિ.
(9) પાલખી મૂડી તરીકે ₹ 1,20,000 અને તેના ભાગની પાઘડી રોકડમાં લાવશે.

જરૂરી ખાતાં તૈયાર કરો અને નવી પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

43. શિવાની અને નીરજ એક પેઢીના 1 : 2ના પ્રમાણમાં નફો - નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31 - 3 - 2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | પાઘડી | 27,000 |
| શિવાની | 1,00,000 | | જમીન-મકાન | 1,50,000 |
| નીરજ | 1,50,000 | 2,50,000 | યંત્રો | 50,000 |
| નફા - નુકસાન ખાતું | | 9000 | સ્ટૉક | 20,000 |
| સામાન્ય અનામત | | 15,000 | દેવાદારો | 30,000 |
| લેણદારો | | 25,000 | લેણીહૂંડી | 10,000 |
| ઘાલખાધ અનામત | | 8000 | રોકડ | 20,000 |
| | | 3,07,000 | | 3,07,000 |

ઉપરની તારીખે તેઓએ વિજયને નવા ભાગીદાર તરીકે પ્રવેશ આપ્યો. અન્ય બાબતો નીચે મુજબ નક્કી કરવામાં આવી :

(1) દેવાદારો પર ઘાલખાધ અનામત ₹ 5000 રાખવી.

(2) પાઘડીનું મૂલ્યાંકન ₹ 36,000 કરવામાં આવ્યું.

(3) જમીન-મકાનની કિંમતમાં 10 % વધારો કરવો.

(4) યંત્રોની ચોપડે કિંમત તેની બજારકિંમત કરતાં 25 % વધુ છે.

(5) સ્ટૉકની કિંમત 10 % ઘટાડવી.

(6) વિજય નવી પેઢીની ચોખ્ખી મિલકતની 50 % રકમ મૂડી પેટે અને પોતાના ભાગની પાઘડી રોકડમાં લાવશે.

(7) શિવાની તેના નફાના ભાગના $\frac{1}{3}$ ભાગ જ્યારે નીરજ તેના નફાના ભાગમાંથી $\frac{1}{3}$ ભાગ વિજયને આપશે.

જરૂરી ખાતાં તૈયાર કરી પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

44. અજય, અલ્પા અને અમય એક પેઢીના ભાગીદારો છે. તેઓ નફો-નુકસાન અનુક્રમે 50%, 30 % અને 20 %ના પ્રમાણમાં વહેંચે છે. તા. 31-3-2017ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવા | | રકમ (₹) | મિલકત-લેણા | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| મૂડી ખાતાં : | | | પાઘડી | | 50,000 |
| અજય | 60,000 | | અન્ય કાયમી મિલકતો | | 1,00,000 |
| અલ્પા | 50,000 | | રોકાણો | | 60,000 |
| અમય | 80,000 | 1,90,000 | દેવાદારો | 70,000 | |
| રોકાણ વધઘટ ભંડોળ | | 20,000 | - ઘાલખાધ અનામત | 6000 | 64,000 |
| કામદાર વળતર અનામત | | 30,000 | સ્ટૉક | | 20,000 |
| લેણદારો | | 40,000 | રોકડ | | 16,000 |
| પ્રોવિડન્ટ ફંડ | | 60,000 | નફા-નુકસાન ખાતું | | 30,000 |
| | | 3,40,000 | | | 3,40,000 |

તા. 1 - 4 - 2017થી અજય નીચેની શરતોથી નિવૃત્ત થાય છે :

(1) કામદાર વળતરનો દાવો ₹ 20,000 સ્વીકારવો.

(2) રોકાણોની બજારકિંમત ₹ 45,000 છે, જે ચોપડે લાવવી.

(3) દેવાદારો પર ₹ 2,000 ઘાલખાધ માંડી વાળવી અને 5 % ઘાલખાધ અનામત રાખવી.

(4) અન્ય કાયમી મિલકતોની કિંમત 20% વધારવી.

(5) ચોપડે દર્શાવેલ સ્ટૉકની કિંમત તેની પડતર કરતાં ₹ 600 વધારે આંકવામાં આવેલ છે. જે પડતર કિંમતે નોંધવી.

(6) પેઢીની પાઘડીનું મૂલ્ય ₹ 1,00,000 ગણવું.

(7) અજયને ₹ 10,000 રોકડમાં ચૂકવવા.

(8) અલ્પા અને અમયનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 1 : 4 રાખવું.

પુનઃમૂલ્યાંકન ખાતું, ભાગીદારોનાં મૂડી ખાતા અને નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

45. ધ્યાની સિરામિક લિમિટેડે ₹ 10નો એક એવા 3,00,000 ઇક્વિટી શેર, શેરદીઠ ₹ 150ના પ્રીમિયમે બહાર પાડ્યા. શેરદીઠ નીચે મુજબ રકમ મંગાવવામાં આવી હતી :

અરજી વખતે શેરદીઠ ₹ 74 (₹ 70ના પ્રીમિયમ સહિત)

મંજૂરી વખતે શેરદીઠ ₹ 44 અને (₹ 40ના પ્રીમિયમ સહિત)

આખરી હપ્તા વખતે શેરદીઠ ₹ 42 (₹ 40ના પ્રીમિયમ સહિત)

કંપનીને 3,00,000 શેરની અરજીઓ મળી હતી. વિશાલે ધારણ કરેલા 2000 શેર પર આખરી હપ્તાની રકમ સિવાય બધા શેર પર પૂરેપૂરી રકમ મળી ગઈ હતી. કંપનીએ યોગ્ય કાર્યવાહી કર્યા બાદ વિશાલના શેર જપ્ત કર્યા અને તે શેર, શેરદીઠ ₹ 80 લેખે અવનિને પૂરા ભરપાઈ થયેલા તરીકે ફરી વેચ્યા.

ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો તેમજ જામીનગીરી પ્રીમિયમ ખાતું પણ તૈયાર કરો.

46. નાઝનિન ટેક્સ્ટાઇલ્સ લિમિટેડે ₹ 10નો એક એવા 12,00,000 ઇક્વિટી શેર બહાર પાડ્યા, જેના પર નીચે મુજબ રકમ ચૂકવવાની હતી :
અરજી વખતે શેરદીઠ ₹ 4
મંજૂરી વખતે શેરદીઠ ₹ 4 અને
છેલ્લા હપ્તા વખતે શેરદીઠ ₹ 2
કંપનીને જાહેર જનતામાંથી 15,50,000 ઈક્વિટી શેર માટે અરજીઓ મળી. વધારાની મળેલ અરજીઓ નામંજૂર કરી તેના પર અરજી વખતે મળેલ નાણાં અરજદારોને પરત કરવામાં આવ્યાં.
હારૂન કે જેના 8000 શેર મંજૂર કરવામાં આવ્યા હતા, તેણે મંજૂરી અને છેલ્લા હપ્તા વખતની રકમ ચૂકવી ન હતી.
સલીમ કે જેના 2000 શેર મંજૂર કરવામાં આવ્યા હતા, તેણે છેલ્લા હપ્તા વખતની રકમ ચૂકવી ન હતી. કંપનીએ હારૂન અને સલીમના શેર જપ્ત કર્યા અને જપ્ત કરેલા બધા શેર, શેરદીઠ ₹ 7.50 લેખે પૂરેપૂરા ભરપાઈ થયેલા તરીકે ફરી બહાર પાડ્યા. આ બધા જ શેર શાહરૂખે ખરીદી લીધા હતા.
ઉપરના વ્યવહારો નોંધવા કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો અને શેરજપ્તી ખાતું પણ તૈયાર કરો.

## Section - F

▸ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો. (દરેક ના 11 ગુણ)** (22)

47. પારેખ અને મહેતાની ભાગીદારી પેઢીના તા. 31-3-2017ના રોજના નીચે આપેલા કાચા સરવૈયા અને હવાલા પરથી વાર્ષિક હિસાબો તૈયાર કરો

**પારેખ અને મહેતાની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકી | રકમ (₹) | જમા બાકી | રકમ (₹) |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | 30,000 | મૂડી : | |
| ખરીદી | 4,00,000 | પારેખ | 50,000 |
| દેવાદારો | 1,50,000 | મહેતા | 50,000 |
| રોકડ અને બૅન્ક | 12,000 | લેણદારો | 50,000 |
| ભાડું-કરવેરા | 3000 | વેચાણ | 6,00,000 |
| વીમા-પ્રીમિયમ | 9000 | | |
| પગાર | 42,000 | | |
| આવકમાલ ગાડાભાડું | 18,000 | | |
| જાવકમાલ ગાડાભાડું | 21,000 | | |
| વસૂલાતપાત્ર દાવા | 5000 | | |
| જાહેરાત ઉપલક ખાતે | 9000 | | |
| ફર્નિચર અને ફિટિંગ્સ (પ.કિં.₹ 30,000) | 23,000 | | |
| ઑફિસ-સાધનો (પ.કિં. ₹15,000) | 10,000 | | |
| ટેન્ડર ડિપોઝિટ (તા. 1-10-16થી) | 6000 | | |
| લેણીહૂંડીઓ | 6000 | | |
| ઘાલખાધ | 4000 | | |
| વીજળી ખર્ચ | 2000 | | |
| | 7,50,000 | | 7,50,000 |

હવાલાઓ :
(1) આખરનો સ્ટૉક ₹ 1,05,000નો હતો.
(2) ₹ 15,000ની ખરીદી અંગેનું બિલ લેણદારો પાસેથી મળ્યું હતું, જે લખવાનું રહી ગયું છે.
(3) વસૂલાતને પાત્ર દાવા સંબંધી વીમા કંપની પાસે ₹ 2000માં પતાવટ થઈ છે.
(4) જાહેરાત ઉપલકમાંથી ચાલુ વર્ષના જાહેરાત ખર્ચ પેટે 50 % રકમ માંડી વાળો.
(5) ફર્નિચર અને ફિટિંગ્સ તથા ઑફિસ સાધનો પર 5 % લેખે સીધી લીટીની પદ્ધતિથી ઘસારો ગણો.
(6) ₹ 1000 વીમા-પ્રીમિયમના અગાઉથી ભરેલા છે.
(7) ટેન્ડર ડિપોઝિટ પર 12 %ના દરે વ્યાજ મળવાનું બાકી છે.
(8) ગ્રાહક પાસેથી મળેલી ₹ 2000ની લેણીહૂંડી તા. 30-3-2017ના રોજ નકારાઈ, જે અગાઉ બૅન્કમાં વટાવવામાં આવી હતી.
(9) દેવાદારો પર 2 % લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

48 . નીચેની બાકીઓ સ્ટાર લિમિટેડના ચોપડામાંથી લેવામાં આવી છે. આ બાકીઓ પરથી તા. 31 માર્ચ, 2017ના રોજનું પાકું સરવૈયું કંપનીધારા - 2013ના પરિશિષ્ટ - III મુજબ તૈયાર કરો.

| બાકી | રકમ (₹) |
|---|---|
| 1. મળવાનું બાકી કમિશન | 20,000 |
| 2. જમીન-મકાન | 10,00,000 |
| 3. ઇક્વિટી શૅરમૂડી | 10,00,000 |
| 4. બૅન્ક સિલક | 45,000 |
| 5. સામાન્ય અનામત | 20,000 |
| 6. આખર સ્ટૉક | 1,80,000 |
| 7. લેણદારો | 4,00,000 |
| 8. દેવાદારો | 2,30,000 |
| 9. 10 %ના ડિબેન્ચર | 1,30,000 |
| 10. ડિબેન્ચર પરતનિધિના રોકાણો | 30,000 |
| 11. કસ્ટમ ડિપોઝીટ | 1,25,000 |
| 12. ગ્રેજ્યુઇટી ફંડ | 20,000 |
| 13. કરવેરાની જોગવાઈ | 60,000 |

# BEST OF LUCK